ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધિનગર (સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, ગુ. રા.) સ્થાપિત
અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન", બાલાણી હોસ્પીટલ, પહેલો માળ, સોલંકી રેસ્ટોરન્ટની બાજુમાં,
સંસ્કાર મંડળ – રામમંત્ર રોડ, ભાવનગર – ૩૬૪૦૦૨
8866570111 krcscbvn@gmail.com krcscbhavnagar.org

**અખબાર યાદી**

Date: 29th May, 2025

પ્રતિ,
તંત્રી શ્રી,
જય વિજ્ઞાન,

## પડછાયો પણ થઇ શકે ગાયબ...!!!! શુક્રવારે નો શેડો ડે

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા શ્રી તખ્તેશ્વર મંદિર, ભાવનગર અને ભવાની દરિયા કિનારો-મહુવા ખાતે વૈજ્ઞાનિક સમજુતી સાથે પ્રાયોગિક નિદર્શન કરાવવામાં આવશે.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

આપણી આસપાસ બનતી કુદરતી ઘટનાઓ ઘણી વખત આપણી માટે ખુબ વિસ્મયકારક હોય છે ! જેને આપણે મન ભરીને માણીએ છીએ. સમય સાથે સર્જાતી આવી ઘટનાઓને આપણે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી સમજવા અને તેની પાછળનું કારણ જાણવા સતત ઉત્સુક રહીએ છીએ.

આવી જ એક અવકાશીય ખગોળીય ઘટના વિષે લોક વિજ્ઞાન કેન્દ્રના જીલ્લા કો-ઓર્ડીનેટર શ્રી હર્ષદભાઈ જોષી દ્વારા જણાવવામાં આવ્યું કે, આ ઘટના વર્ષમાં ૨ વખત રચાય છે, જેને ઝીરો શેડો અથવા નો શેડો ડે તરીકે ઓખવામાં આવે છે. એટલે કે વર્ષમાં બે વખત અવકાશમાં સૂર્ય તેના ઉચ્ચતમ સ્થાને પહોચે ત્યારે અમુક ક્ષણો પુરતો પડછાયો સાથ છોડી દે છે, જેને ઝીરો શેડો દિવસ તરીકે ઓળખવામાં આવે છે. સુર્યની આજુબાજુ પૃથ્વી પરિભ્રમણ દરમિયાન ૨૩.૫ ડીગ્રીની ધરી જોક સાથે પરિભ્રમણ કરે છે. તેથી જ આપણને ઋતુઓ અનુભવાય છે. આનો અર્થ એ પણ છે કે સૂર્ય, તેના ઉચ્ચતમ તબક્કે દક્ષિણ વિષુવવૃત્ત (ઉત્તરાયણ) ની દિશામાં, અને એક વર્ષમાં ફરી (દક્ષિણાયન) અમુક ચોક્કસ અંતરે +23.5(ઉત્તરાયન) અને -23.5(દક્ષિણાયન) ડિગ્રી અક્ષાંશ વચ્ચેના બે અયન બિંદુઓ એ સમપ્રકાશીય હોય છે. આથી વર્ષ માં બે વખત અમુક સેકન્ડ્સ માટે પડછાયો ગાયબ થઇ જાય છે. આ ઘટના વિવિધ સ્થળો પર જુદા જુદા સમયે સર્જાતી હોય છે.

ભાવનગરમાં આ ઘટના 30 મે, ૨૦૨૫ ના રોજ ૧૨.૩૯ કલાક થી ૧.૨૭ મિનીટ સુધી અનુભવી શકાશે. તમામ લોકો આ અવકાશીય ઘટનાના સાક્ષી બની શકે અને તેની પાછળનું વૈજ્ઞાનિક તથ્ય સમજી શકે તેવા હેતુથી વિશેષ માહિતી સાથે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા શ્રી તખ્તેશ્વર મંદિર, ભાવનગર અને ભવાની દરિયાઈ સપાટી-મહુવા ખાતે ઝીરો શેડો પ્રત્યક્ષ નિહાળવા માટેની વ્યવસ્થા કરવામાં આવેલ છે. હવે આ ઘટના ૧૩ જુલાઇ, ૨૦૨૨ ના રોજ ૧૨:૪૭ કલાકે માણી શકાશે. પરંતુ તે સમય સોમાસનો હોવાથી શક્યતા ઘટી જય છે.

રસ ધરાવતા વ્યક્તિઓએ શ્રી તખ્તેશ્વર મંદિર, ભાવનગર અને ભવાની દરિયાઈ સપાટી-મહુવા ખાતે 30 મે, ૨૦૨૨ ના રોજ ૧૨.૧૦ રૂબરૂ પધારવા માટે નિમંત્રણ પાઠવે છે. વધુ માહિતી માટે **www.krcscbhavnagar.org** અને **8866570111** પર મેળવી શકાશે.

(શ્રી હર્ષદ જોષી)
જીલ્લા કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.